હરિઃ ૐ

હરિઃ ૐ આશ્રમ સંચાલિત
ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતરયોજના
પુષ્પ : પંદરમું

# શૈશવની ફોરમ

-બિપિન પટેલ



હરિઃ ૐ આશ્રમ
પ્રકાશન

● પ્રકાશક : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ- ૩૮૭૦૦૧.

● © બિપિન પટેલ

● પ્રથમ આવૃત્તિ : ૧૯૮૩

● પ્રત : ૩૦૦૦

● પૃષ્ઠસંખ્યા : ૬+૪૬=૫૨

● કિંમત રૂપિયા : ૨-૭૫

● પ્રાપ્તિસ્થાન
(૧) હરિઃ ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧
(૨) હરિઃ ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫

● મુદ્રક :
પ્રવીણચંદ્ર નટવરલાલ ગામી
પ્રણવ પ્રિન્ટર્સ
૧૧-અ, વિજય કૉલોની
સરદાર પટેલ કૉલોની પાસે,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩

● મુખપૃષ્ઠ ડિઝાઇન :
શ્રી 'જય' પંચોલી
'નીરજ'
૫, હેમધ્રુવ સોસાયટી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

હરિ: ૐ

# સમર્પણાંજલિ

પોતાના પિતાજીના પુનિત પગલે ચાલી
પૂજ્ય શ્રીમોટાની કૃપાના પાત્ર બનીને
પૂ. મોટા પ્રત્યે તેમ જ આશ્રમ પ્રત્યે
પોતાના અપ્રતિમ ભાવનું
સાતત્ય જેમણે જાળવી
રાખ્યું છે
અને
પૂજ્ય શ્રીમોટાનાં સમાજકલ્યાણનાં કામોમાં
પણ આર્થિક રીતે સદા સહાયક
નીવડ્યા છે.
એવા

**શ્રી. જિતેન્દ્રભાઈ વિનાયકભાઈ જરીવાલા**

(સુરત) ને
સસ્નેહ સમર્પણ

હરિઃ ૐ આશ્રમ, સુરત —દુનંભાઈ
૭, એપ્રિલ, ૧૯૮૩

# નિવેદન

હરિઃ ૐ આશ્રમે પોતાનાં દાન-ટ્રસ્ટો ચરોતર એજ્યુકેશન સોસાયટીને સુપ્રત કરેલાં. ચરોતર એજ્યુકેશન સોસાયટીએ એનું સંચાલન સફળતાપૂર્વક કર્યું. પછીથી એ કામને પહોંચી વળવું શક્ય ન લાગતાં એ દાન-ટ્રસ્ટો તેમણે આશ્રમને પરત કર્યાં. એમણે પૂ. શ્રી. મોટાની ભાવનાને ફળાવવા જે કંઈ થઈ શક્યું તે કર્યું. તે બદલ અમે આશ્રમ તરફથી એમનો ખાસ ખાસ આભાર માનીએ છીએ. આવાં દાન-ટ્રસ્ટો કરવાનો પૂજ્ય શ્રીમોટાનો મુખ્ય ઉદ્દેશ ગુણ અને ભાવનો વિકાસ કરાવે એવું સાહિત્ય પ્રજાને મળે એ હતો. જો ચરોતર એજ્યુકેશન સોસાયટી હવે એ ન કરી શકે તો હરિઃ ૐ આશ્રમે દાન-ટ્રષ્ટો પરત થતાં પૂજ્ય શ્રીમોટાની મૂળભુત ભાવનાને ફળાવવાનું કામ જારી રાખવું જ રહ્યું. એટલે ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર યોજનાનું આ પંદરમું પુષ્પ પ્રગટ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

આ પંદરમું પુષ્પ "શૈશવની ફોરમ" વિશિષ્ટ છે. બારડોલી કૉલેજના વિજ્ઞાનના અધ્યાપક શ્રી. બિપિન પટેલે એ લખ્યું છે. પૂજ્ય શ્રીમોટાની ભાવનાને ખૂબ અનુરૂપ હોય એવું લાગતાં અમે તે છપાવવા યોગ્ય ધાર્યું. ભારતમાં થઈ ગયેલી મહાન વ્યક્તિઓમાંથી થોડીક વ્યક્તિઓને પસંદ કરી તેમના બાળપણના જીવનમાં કયો એક વિશિષ્ટ ગુણ ખીલ્યો હતો તે બાળભાષામાં વ્યકત કરતા આ પ્રસંગો છે. વળી એની ખૂબી એવી છે કે દરેકનો ગુણ જુદો જુદો છે. આ સમગ્ર પુસ્તક એક ગુણોની માળા જેવું બને છે. બાળકોના ગુણ-વિકાસમાં ભાવનાનું સિંચન કરવામાં આ નાનકડું પુસ્તક ખૂબ ઉપયોગી નીવડશે એવી અમને શ્રદ્ધા છે.

વળી આ પુસ્તક તાલુકા પંચાયતો દ્વારા દૂર દૂરના આદિવાસી ગામોનાં બાળકોને પણ પ્રાપ્ત થશે એવી શકયતાથી અમે આનંદ અનુભવીએ છીએ. અને તાલુકા પંચાયતના સુત્રધારોનો એ માટે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

શ્રી 'જય' પંચોલીએ મુખપૃષ્ઠ ડિઝાઇન કરી આપી તે બદલ તેમના ખૂબ આભારી છીએ. પંકજ પ્રોસેસ સ્ટચૂડિઓ રાયપુર, અમદાવાદવાળા શ્રી. રમેશભાઈ સરૈયાએ સેવાભાવે મુખપૃષ્ઠ ડિઝાઇનના બ્લોકો કરી આપ્યા એ બદલ એમના ખૂબ જ ઋણી છીએ. એઓ ભકિતભાવે સદા એ વિનામૂલ્યે કરી આપતા આવ્યા છે એ અનોખી ઘટના છે.

પ્રણવ પ્રિન્ટર્સવાળા શ્રી. પ્રવીણભાઈ ગામી અને તેમના કર્મચારીગણે ખૂબ જ ઝડપથી અને વ્યવસ્થિત રીતે છાપકામ કરી આપ્યું તે બદલ તેમનો પણ આભાર માનીએ છીએ. તેઓ હવે હરિઃ ૐ આશ્રમના અંગ બની ગયા છે.

૭, એપ્રિલ, ૧૯૮૩ —નંદુભાઈ
હરિઃ ૐ આશ્રમ, સુરત મેનેજિંગ ટ્રસ્ટી

# અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | મહાન વ્યક્તિ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | અક્રોધી બાળક | યુધિષ્ઠિર | ૧ |
| ૨ | અહિંસાપ્રેમી બાળક | સિદ્ધાર્થ | ૪ |
| ૩ | પ્રામાણિક બાળક | ગાંધીજી | ૮ |
| ૪ | દેશભક્ત બાળક | લાલ બહાદુર શાસ્ત્રી | ૧૧ |
| ૫ | દયાળુ બાળક | પંડિત માલવિય | ૧૫ |
| ૬ | સહનશીલ બાળક | ચંદ્રશેખર આઝાદ | ૧૭ |
| ૭ | કૃતનિશ્ચયી બાળક | સરદાર વલ્લભભાઈ | ૨૦ |
| ૮ | આજ્ઞાપાલક બાળક | જવાહરલાલ નહેરુ | ૨૩ |
| ૯ | પુરુષાર્થી બાળક | પૂજ્ય શ્રીમોટા | ૨૬ |
| ૧૦ | ન્યાયપ્રિય બાળક | વિવેકાનંદ | ૨૮ |
| ૧૧ | સત્યપ્રિય બાળક | ગોપાલકૃષ્ણ ગોખલે | ૩૧ |
| ૧૨ | મિત્રપ્રેમી બાળક | દેશબંધુ ચિતરંજનદાસ | ૩૩ |
| ૧૩ | સંતપ્રેમી બાળક | ગુરુ નાનક | ૩૬ |
| ૧૪ | પરગજુ બાળક | ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર | ૩૮ |
| ૧૫ | ધર્મપ્રેમી બાળક | શિવાજી | ૪૦ |
| ૧૬ | વિનમ્ર બાળક | સમ્રાટ અશોક | ૩૪ |

૧

# અક્રોધી બાળક

ઘણા વર્ષો પહેલાંની આ વાત છે.

એક હતી પાઠશાળા.

તેમાં ભણે રાજકુમારો.

તેમના ગુરુદેવનું નામ દ્રોણાચાર્ય હતું.

એક દિવસની વાત છે.

'આજે હું તમને એક નવો પાઠ શીખવું છું.' ગુરુદેવે કહ્યું.

બધા રાજકુમારો શાંતિથી સાંભળવા લાગ્યા.

ગુરુદેવે નવો પાઠ શરૂ કર્યો: 'ક્રોધ આપણો મોટામાં મોટો શત્રુ છે. માટે ક્રોધ કદી કરવો નહિ.' આટલું કહી ગુરુદેવ દ્રોણાચાર્યે વર્ગમાં બધે નજર ફેરવી લીધી.

સૌ શાંત ચિત્તે સાંભળતા હતા.

'બોલો, મેં શું કહ્યું ?'

'ક્રોધ આપણો મોટો શત્રુ છે, માટે ક્રોધ કદી કરવો નહિ.' બધા રાજકુમારો એકીસાથે બોલી ઊઠચા.

'બરાબર છે. હવે બીજી વાત સાંભળો. અસત્ય કદી બોલવું નહિ. સત્ય એ જ પરમેશ્વર છે. માટે હંમેશાં સત્ય બોલો.' થોડી વાર વર્ગમાં આ વાત કર્યા પછી ગુરુદેવે કહ્યું: 'જુઓ, આવતી કાલે આ પાઠ બરાબર યાદ કરી

લાવજો—ક્રોધ કદી કરવો નહિ અને હંમેશાં સત્ય બોલવું.'

બીજે દિવસે ગુરુદેવે પૂછ્યું : 'બધા વિદ્યાર્થીઓ ગઈ કાલનો પાઠ બરાબર યાદ કરી લાવ્યા છો ?'

'હા...જી !' એક સામટા ઘણા અવાજો આવ્યા.

ચકાસણી કરવા માટે ગુરુદેવે બધાને વારફરતી પૂછવા માંડયું. એક વિદ્યાર્થી સિવાય બધા જ વિદ્યાર્થીઓએ ફટાફટ ઉત્તર આપ્યો : 'ક્રોધ કદી કરવો નહિ અને હંમેશાં સત્ય બોલવું.'

'કેમ ભાઈ ! તેં પાઠ યાદ નથી કર્યો ?' ગુરુદેવે પેલા વિદ્યાર્થીને નજીક બોલાવીને પૂછ્યું.

'ગુરુદેવ ! મને પાઠ બરાબર યાદ નથી રહ્યો.' તે વિદ્યાર્થીએ શાંતિથી જવાબ આપ્યો.

'આવતી કાલે બરાબર તૈયાર કરી લાવજે.' ગુરુદેવે સૂચના આપી.

બીજે દિવસે તે વિદ્યાર્થીને ગુરુદેવે પૂછ્યું : 'કેમ, આજે તો બરાબર યાદ કરી લાવ્યો છે ને ?'

'નહિ ગુરુદેવ ! હજી બરાબર તૈયાર થયો નથી.' વિદ્યાર્થીએ નમ્રતાથી કહ્યું.

'આવતી કાલે તો ચોક્કસ તૈયાર થઈને આવજે.' ગુરુદેવે કડક શબ્દોમાં સૂચન કર્યું.

ત્રીજે દિવસે પણ પેલો વિદ્યાર્થી પાઠ તૈયાર કરી શક્યો નહિ, ત્યારે ગુસ્સે થતાં ગુરુદેવે કહ્યું : 'આટલી નાની વાત પણ તને યાદ નથી રહેતી ? બીજા બધાએ તો આ પાઠ એક જ દિવસમાં તૈયાર કરી નાખ્યો ને ત્રણ

દિવસ પૂરા થવા છતાં હજી તું આ નાનકડો પાઠ તૈયાર નથી કરી શકતો? તારું મગજ તો ઠેકાણે છે ને? જો આવતીકાલે તું આ પાઠ તૈયાર ન કરી લાવ્યો તો તારી વાત છે.'

તે વિદ્યાર્થીએ બિચારાએ ખૂબ પ્રયત્નો કર્યા, પણ તે બીજાને ખૂબ જ સહેલો લાગતો પાઠ તૈયાર ન કરી શક્યો.

ગુરુદેવ ખૂબ ગુસ્સે ભરાયા.

એમ કરતાં સાત સાત દિવસ પસાર થઈ ગયા. છતાં પણ તેને એ પાઠ યાદ રહેતો નહોતો.

આઠમે દિવસે ગુરુદેવે જ્યારે તે વિદ્યાર્થીને પૂછ્યું, ત્યારે તે વિદ્યાર્થીએ પેલો જ ઉત્તર આપ્યો, 'હજી બરાબર...'

હવે ગુરુદેવનો મિજાજ ગયો.

તે વિદ્યાર્થીને તેમણે ખૂબ માર માર્યો.

પેલો વિદ્યાર્થી એક શબ્દ પણ ન બોલ્યો. શાંત અને સ્વસ્થ ચિત્ત ઊભો રહ્યો. જાણે કંઈ જ બન્યું નથી.

તેના મોં પર પ્રસન્નતા હતી.

અંતે ગુરુદેવનો ગુસ્સો જ્યારે શાંત પડ્યો ત્યારે તેણે બે હાથ જોડી ગુરુદેવને કહ્યું : "ગુરુદેવ ! હવે મને લાગે છે કે આપણા પાઠનો પહેલો ભાગ 'ક્રોધ કદી કરવો નહિ' મેં તૈયાર કરી લીધો છે. પણ પાઠનો બીજો ભાગ 'હંમેશાં સત્ય બોલો'નો અભ્યાસ હું હજી કરી રહ્યો છું, જ્યારે હું તેને પણ મારા જીવનમાં ઉતારી લઈશ,

ત્યારે તે પણ હું તમને સંભળાવીશ.''

હવે ગુરુદેવ દ્રોણાચાર્યને ખ્યાલ આવ્યો કે બીજા રાજકુમારોની જેમ પોપટિયા જ્ઞાનમાં માનનારો આ વિદ્યાર્થી નથી. આ વિદ્યાર્થી તો જ્ઞાનને જીવનમાં ઉતારી જાણનારો છે.

તેમને ખૂબ આનંદ થયો.

તે વિદ્યાર્થીને તેમણે છાતી સરસો ચાંપતાં કહ્યું : 'તું અવશ્ય એક દિવસ મહાન બનશે !'

તેમના આ શબ્દો સાચા ઠર્યા.

આ વિદ્યાર્થી તે જ ધર્મરાજ યુધિષ્ઠિર ! જેમણે આ બંને વ્રતોને જીવનભર નિભાવ્યાં. ક્રોધ કદી કર્યો નહિ. અસત્ય કદી બોલ્યા નહિ.

## ૨
## અહિંસાપ્રેમી બાળક

વર્ષો પહેલાંની આ વાત છે.

ભારતમાં કપિલવસ્તુ નામે એક નગરી હતી. ત્યાં શુદ્ધોદન નામે રાજા રાજ્ય કરતો હતો. તેનો એક દીકરો હતો.

તેનું નામ સિદ્ધાર્થ.

સિદ્ધાર્થનો એક પિત્રાઈ ભાઈ હતો.

તેનું નામ દેવદત્ત.

બંને લગભગ સરખી વયના હતા. તેથી બંને વચ્ચે મિત્રતા હતી.

સિદ્ધાર્થ ખૂબ જ માયાળુ અને લાગણીશીલ હતો.

એક દિવસની વાત છે.

સિદ્ધાર્થ અને દેવદત્ત બંને રમતા રમતા ઘણે દૂર નીકળી ગયા.

એવામાં સિદ્ધાર્થની નજર ઊંચે આકાશમાં પડી.

બે રાજહંસો આનંદથી ઊડી રહ્યા હતા.

સિદ્ધાર્થે ખૂબ જ આનંદથી દેવદત્તને કહ્યું : 'જો તો ભાઈ! ઊંચે આકાશમાં કેવાં સુંદર પંખી ઊડી રહ્યાં છે.'

સિદ્ધાર્થનું બોલવું સાંભળી દેવદત્તે ઊંચે જોયું. 'ઓહ ! કેવા મઝાના રાજહંસ.' તે બબડયો.

તેની પાસે ધનુષ્ય–બાણ તો હતાં જ. તરત જ તેણે નિશાન તાકયું. ધનુષ્યમાંથી બાણ છોડયું.

તે સારો નિશાનબાજ હતો.

એમાંથી એક પક્ષી તેના નિશાનનો ભોગ બની ઘાયલ થઈ નીચે પડયું. આ જોઈ સિદ્ધાર્થનું હૃદય રડી ઊઠયું. તેની આંખોમાં કરુણાસાગર ઉમટયો. તે દોડયો. પેલા ઘાયલ પક્ષી પાસે પહોંચ્યો. તેને ધીરેથી પુચકાર્યું. પછી વહાલથી તેને પંપાળીને પોતાની ગોદમાં લીધું.

પોતાનો શિકાર સિદ્ધાર્થના હાથમાં ચાલી જતો જોઈ દેવદત્તને ગુસ્સો ચડયો.

સિદ્ધાર્થ પાસે જઈને તેણે કહ્યું, 'એના પર મારો અધિકાર છે, કારણ કે મેં એને માર્યું છે. એ પક્ષી મને

આપી દે!'

'મેં એને બચાવ્યું છે. એના પર હવે મારો અધિકાર છે. એ પક્ષી મારું છે.' સિદ્ધાર્થે શાંતિથી કહ્યું.

'હું કહું છું, એ પક્ષી મને આપી દે.' દેવદત્તે જરા ઊંચા અવાજે કહ્યું.

'આ પક્ષી મારું છે, હું તને એ નહિ આપું.' તેટલી જ શાંતિથી સિદ્ધાર્થે કહ્યું.

દેવદત્તે જોયું કે સિદ્ધાર્થ એમ માને એવો નથી. તેથી તે જતો રહ્યો.

પછી સિદ્ધાર્થે પેલા પક્ષીનો ઘા સાફ કર્યો. ઔષધિ લગાડી. તેને દાણા નાખ્યા.

દેવદત્ત હવે ઈર્ષ્યાની આગમાં સળગવા લાગ્યો. તે જાણતો હતો કે સિદ્ધાર્થ પાસેથી તે પક્ષીને સીધી રીતે મેળવી શકાય તેમ નથી. તેથી તેણે શુદ્ધોદન સમક્ષ ન્યાયની માગણી કરી.

રાજા શુદ્ધોદને બંનેને રાજદરબારમાં બોલાવ્યા.

દરબાર ભરાયો હતો.

એક ખૂણામાં દેવદત્ત બેઠો હતો.

બીજા ખૂણામાં સિદ્ધાર્થ.

સિદ્ધાર્થના ખોળામાં હતો પેલો હંસ.

'મહારાજ! આ પક્ષીને મેં મારા બાણથી માર્યું છે. તેથી તેના પર મારો અધિકાર છે.' દેવદત્તે ન્યાય માગ્યો.

'કુમાર સિદ્ધાર્થ, શું આ વાત સાચી છે?' મહારાજે સિદ્ધાર્થને પૂછ્યું.

મહારાજની આજ્ઞા થતાં પોતાના સ્થાને ઊભા થઈ ખૂબ જ નમ્રતાપૂર્વક સિદ્ધાર્થે કહ્યું: 'મહારાજ! એ વાત સાચી કે આ રાજહંસ દેવદત્તના બાણથી ઘાયલ થયો છે. પણ મેં તેને બચાવ્યો છે. મારનાર કરતાં બચાવનારનો અધિકાર વધુ છે. તેથી આ રાજહંસ મારો છે.'

સિદ્ધાર્થની વાત પણ સાચી હતી.

હવે શું કરવું? રાજા વિમાસણમાં પડી ગયા.

એક વૃદ્ધ મંત્રીએ રાજાને ઉકેલ બતાવ્યો, 'મહારાજ! આ પક્ષીને સભા વચ્ચે છોડી દો. પછી બંને કુમારોને કહો કે વારાફરતી તેઓ તે પક્ષીને પોતાની પાસે બોલાવે. પક્ષી જેની પાસે જાય તેનું થાય.'

રાજાને પણ આ વિચાર ગમ્યો.

તે અનુસાર પેલા રાજહંસને સભાની બરાબર વચ્ચે છોડી દેવામાં આવ્યો.

પહેલો વારો દેવદત્તનો આવ્યો.

દેવદત્તને ખાતરી હતી કે તે પેલા રાજહંસને પોતાના તરફ બોલાવી લેશે.

તેણે પક્ષીને ખૂબ જ પ્રેમથી બોલાવ્યું. પરંતુ પક્ષી તો તેનાથી દૂર ગયું. જેમ જેમ તે તેની વધુ નજીક જવા લાગ્યો તેમ તેમ તે પક્ષી ડરીને દૂર ભાગવા લાગ્યું.

હારીને દેવદત્ત બેસી ગયો.

પછી વારો આવ્યો સિદ્ધાર્થનો.

તે ઊભો થયો.

જેવું તેણે પ્રેમભરી નજરે પેલાં પક્ષી તરફ જોયું અને હાથ ફેલાવ્યો કે તરત જ તે પક્ષી તેની બાહોમાં સમાઈ ગયું.

હિંસાની હાર થઈ!

અહિંસાની જીત થઈ!

તાળીઓના ગડગડાટથી સૌએ તેને વધાવી લીધો.

રાજહંસ સિદ્ધાર્થને આપવામાં આવ્યો.

સિદ્ધાર્થે થોડા દિવસ તેની સેવાચાકરી કરી. પછી જ્યારે તે હંસ સંપૂર્ણ સ્વસ્થ થયો, ત્યારે તેણે તેને મુક્ત કરી દીધો.

જાણો છો આ સિદ્ધાર્થને ?

આ સિદ્ધાર્થ તે જ ગૌતમ બુદ્ધ !

'અહિંસા એ જ પરમ ધર્મ છે.' એવો વિશ્વને બોધ કરનાર ગૌતમ બુદ્ધના લોહીમાં બાળપણથી જ અહિંસાના સંસ્કાર વહેતા હતા !

૩

## પ્રામાણિક બાળક

તેનું નામ મોહન.

રાજકોટની એક શાળામાં તે ભણે.

એક વાર તેની શાળામાં મોટા સાહેબ આવવાના હતા.

મોટા સાહેબ આવે.

વારા ફરતી બધા વર્ગોમાં જાય.

વિદ્યાર્થીઓને જાત જાતના સવાલો પૂછે. દાખલા ગણાવે. ને શબ્દો પણ લખાવે.

આગલે દિવસે મોહનના વર્ગશિક્ષકે સૌને કહ્યું: “આવતી કાલે મોટા સાહેબ આપણી શાળાની મુલાકાતે આવનાર છે. સૌએ સારાં કપડાં પહેરી સ્વચ્છ થઈ ને આવવું.

બીજે દિવસે મોહનની શાળાના બધા વિદ્યાર્થીઓ સારાં સારાં કપડાં પહેરીને, વ્યવસ્થિત તૈયાર થઈ ને આવ્યા.

સૌએ શાળા શણગારી.

મોટા સાહેબ પણ સમય પ્રમાણે આવી ગયા.

આચાર્યસાહેબે તેમનું સ્વાગત કર્યું.

પછી તેઓ દરેક વર્ગની મુલાકાતે નીકળ્યા.

મોહનના વર્ગમાં આવ્યા.

તેમણે વિદ્યાર્થીઓને અંગ્રેજીના પાંચ શબ્દો લખાવ્યા.

મોહનને ચાર શબ્દોની જોડણી બરાબર આવડતી હતી. પણ પાંચમા શબ્દની જોડણી તેને આવડતી નહોતી.

મોહનના શિક્ષક પણ વર્ગમાં ફરતા હતા. ફરતા જાય ને વિદ્યાર્થીની સ્લેટ જોતા જાય. તેઓ મોહનની નજીક આવ્યા ને તેમના પગ થંભી ગયા. તેમની નજર મોહનની સ્લેટમાં ગઈ. તેણે ચાર શબ્દો સાચા અને એક શબ્દ ખોટો લખેલો જોઈ ને શિક્ષકે સાવધાનીપૂર્વક મોહનને પગની ઠોકર મારતાં ઇશારાથી સમજાવ્યું કે તારા પાંચમા

શબ્દની જોડણી સાચી નથી તો આગલા વિદ્યાર્થીમાંથી જોઈને તારી ભૂલ સુધારી લે.

પણ મોહન જેનું નામ...! તે એવું કદીય ન કરે.

તે એવું સમજતો હતો કે બીજા વિદ્યાર્થીમાંથી જોઈને ભૂલ સુધારવી એટલે તો ચોરી કરી કહેવાય. અને મારાથી કોઈ કાળેય ચોરી ન થાય. બધા શબ્દો ખોટા પડે તો પણ હું ચોરી તો ન જ કરું! એવી અપ્રામાણિકતા મારાથી ન જ થાય!

અપ્રામાણિકતાથી પાસ થવું કે વધારે માર્ક મેળવવા એના કરતાં નાપાસ થવું વધારે સારું!

મોહને ન તો શિક્ષકના ઇશારા તરફ ધ્યાન આપ્યું કે ન તો આગલા વિદ્યાર્થીની સ્લેટમાં જોઈ ભૂલ સુધારી.

થોડી વાર પછી મોટા સાહેબે બધા વિદ્યાર્થીઓની સ્લેટ જોઈ.

મોહન સિવાયના તમામ વિદ્યાર્થીઓના બધા જ શબ્દો સાચા હતા. સાહેબે સૌને શાબાશી આપી અને મોહનને ઠપકો આપ્યો.

વર્ગના વિદ્યાર્થીઓએ તેની હાંસી ઉડાવી.

પણ મોહન શાંત રહ્યો.

સાહેબ બીજા વર્ગમાં ગયા એટલે મોહનના શિક્ષકે મોહનને પોતાની પાસે બોલાવીને કહ્યું: 'મેં ઈશારો કર્યો છતાં પણ તેં કેમ આગલા વિદ્યાર્થીમાં જોઈને તારી ભૂલ સુધારી નહિ? તેં તો મારું નાક કાપ્યું.'

'સાહેબ, એ વાત સાચી કે મોટા સાહેબ જોત

નહોતા. પણ ભગવાન તો દરેક જગ્યાએ છે એ તો જોતો જ હતો ને ? પછી હું કેવી રીતે નકલ કરી શકું ?....ને સાહેબ, એવી અપ્રામાણિકતાથી મેળવેલી ખોટી શાબાશીનો અર્થ પણ શો...?' ખૂબ જ નમ્રતાપૂર્વક મોહને કહ્યું.

નાનકડા મોહનની આ વાત સાંભળીને તેના શિક્ષકને ખૂબ જ આનંદ થયો. તેની પીઠ થાબડતાં તેમણે કહ્યું : 'એક દિવસ જરૂર તું દેશનું નામ રોશન કરશે !'

મોટા થઈને મોહને પોતાના શિક્ષકના શબ્દો સાચા પાડ્યા.

આ મોહન તે જ સત્ય અને પ્રામાણિકતાને પોતાનો જીવનતંત્ર બનાવી ભારતને આઝાદી અપાવનાર આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી.

મિત્રો !

તમે પણ આજે જ નક્કી કરો કે નાપાસ થઈશું તો ભલે થઈશું પણ અપ્રામાણિકતાથી પાસ થવાની વૃત્તિ તો નહિ જ રાખીશું.

૪

## દેશભક્ત બાળક

બનારસની એક શાળા.

તેમાં ભણે એક કિશોર.

બધા તેને 'લાલ'ના હુલામણા નામથી બોલાવે.

એ જ અરસામાં મહાત્મા ગાંધીજીએ અંગ્રેજ સરકાર સામે અસહકારની લડતની શરૂઆત કરી હતી.

ગાંધીજી તો ઠેર ઠેર ભાષણો આપે.

જનજાગૃતિ આણે.

'લાલ' પણ ગાંધીજીની પ્રેરકવાણીના સમાચાર વાંચી ચૂકયો હતો.

યોગાનુયોગ ગાંધીજી બનારસ પણ આવ્યા.

એક ઠેકાણે એમનું વ્યાખ્યાન ગોઠવાયું.

બધું જ કામ પડતું મૂકી 'લાલ' તો ત્યાં પહોંચી ગયો.

ત્યાં જબરી માનવભેદની ઊમટી હતી.

લાલે તો ખૂબ જ ધ્યાનથી ગાંધીજીની વાણી શબ્દસઃ સાંભળી.

તેના કાનોમાં ગાંધીજીના પ્રેરક શબ્દો ગૂંજ્યા કરતા હતા.

'પરદેશી માલનો બહિષ્કાર કરો!

'સરકારી અદાલતો બંધ કરો!

'સરકારી શાળા–મહાશાળા બંધ કરો!'

વિદ્યાર્થીઓ પર તેમના ભાષણની ભારે અસર થઇ.

શાળાઓ બંધ થવા લાગી.

કચેરીઓ બંધ થવા લાગી.

પરદેશી માલની જાહેર માર્ગ પર હોળી થવા લાગી.

અંગ્રેજ સરકારનો જાહેરમાં વિરોધ થવા લાગ્યો.

સૌના હૃદયમાં બસ એક જ ધૂન સવાર થઈ હતી.

'આપણા દેશમાં આપણું રાજ હોવું જોઈએ !'

'લાલ'નો આત્મા પણ જાગી ઊઠ્યો.

તેણે શાળા છોડી અસહકારના આંદોલનમાં જોડાવાનું નક્કી કર્યું.

તે તો પહોંચી ગયો તેના વર્ગશિક્ષક પાસે. જઈને કહે : 'પૂ. ગાંધીજીનો આદેશ મેં સાંભળ્યો છે. મારે હવે શાળા છોડી અસહકારના આંદોલનમાં જોડાવું છે. મને રજા આપો.'

તેના વર્ગશિક્ષક 'લાલ'ના કુટુંબની પરિસ્થિતિ જાણતા હતા. 'લાલ' તો તેના પરિવારનો આધારસ્થંભ હતો. જલદી જલદી ભણતર પૂરું કરે અને નોકરીએ લાગી જાય તો કુટુંબની આર્થિક સ્થિતિ કંઈક સુધરે તેમ હતું. પણ 'લાલ' તો અભ્યાસને તિલાંજલિ આપવા તૈયાર થયો હતો. આ રીતે અભ્યાસ છોડી દેવો તેને પાલવે તેમ નહોતું. તેણે લાલને સમજાવતાં કહ્યું, 'લાલ ! તારી વાત સાચી પણ હવે મેટ્રિકની પરીક્ષાના કેવળ બે જ માસ બાકી છે. અને તું આમ શાળા છોડી દે એ યોગ્ય નથી જ. તું તો હોશિયાર છે. મેટ્રિકમાં સારા માર્કે પાસ થઈ શકે તેમ છે. તું સારા માર્ક મેળવશે તો તને શિષ્યવૃત્તિ પણ મળશે. જે તને વધુ અભ્યાસ કરવામાં મદદ કરશે.'

'તમારી વાત સાચી છે સાહેબ. પણ આજે મારા દેશને મારી જરૂર પડી છે, ત્યારે જો હું મારા પરિવાર કે મારા અભ્યાસનો વિચાર કરું તો હું સ્વાર્થી ગણાઉં ! દેશના ખૂણેખૂણામાંથી જયારે વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ

છોડી પૂ. મહાત્મા ગાંધીજીને સહકાર આપી રહ્યા છે, ત્યારે હું કેમ બેસી રહું ? પહેલો દેશ, પછી અભ્યાસ !' લાલના શબ્દેશબ્દમાં દેશભક્તિની ભાવના હતી.

'જો લાલ ! તારા જેવા સમજુ વિદ્યાર્થી માટે આ પગલું ભરવું તે યોગ્ય તો નથી જ. અત્યારે તો તું વિદ્યાર્થી છે અને નિષ્ઠાપૂર્વક અભ્યાસ કરવો એ જ તારો ધર્મ છે.' તેના શિક્ષકે એક વધુ પ્રયાસ કરી જોયો.

'ભારતમાતાને ગુલામીની જંજીરમાંથી મુક્ત કરવાની ફરજ એ જ આજે તો સૌ વિદ્યાર્થી યુવકોનો ધર્મ છે સાહેબ ! હવે તો સાહેબ, દેશ પહેલાં, અભ્યાસ પછી ! આજથી અભ્યાસ બંધ !' લાલના શબ્દોમાં જુસ્સો પ્રગટતો હતો.

તેના નિર્ણય સામે તેના શિક્ષક પણ ઝૂકી ગયા.

લાલે શાળા છોડી દીધી. ગાંધીજીના અસહકારના આંદોલનમાં સક્રિય રીતે તેણે ઝંપલાવ્યું !

કિશોરવયથી જ દેશભક્તિના રંગે રંગાયેલો આ કિશોર એક દિવસ ભારતનો વડોપ્રધાન બન્યો.

આ લાલ તે જ લાલબહાદુર શાસ્ત્રી !

સાદગી, સચ્ચાઈ અને પ્રામાણિકતાને પોતાનો જીવન મંત્ર બનાવનાર અને ભારતને 'જય જવાન જય કિસાન'નું સૂત્ર આપનાર લાલબહાદુર શાસ્ત્રીની નશોમાં લોહી નહિ પરમ દેશભક્તિ વહેતી હતી.

## ૫

## દયાળુ બાળક

પાંચ વાગ્યા.

ઘંટ વાગ્યો.

નિશાળ છૂટી.

બાળકો દોડવા લાગ્યા.

બધા પોતપોતાને ઘરે જવા અધીરા હતા.

મદન પણ ઘરે જઈ રહ્યો હતો.

રસ્તામાં તેની નજર એક કૂતરા પર પડી.

તે ઊભો રહી ગયો. ને વિચારવા લાગ્યો કે, આ કૂતરો આમ દોડાદોડ કરે છે; ઊંહકારા ભણે છે. માથુંય પટકે છે. તે આવું શા માટે કરતો હશે?

પણ કૂતરાની નજીક જઈ તેણે જોયું તો કૂતરાના કાન પર ઘા પડચો હતો અને ઘામાં કીડા પડચા હતા. તેથી દર્દને કારણે બેચેન બનેલો કૂતરો આમતેમ દોડી રહ્યો હતો.

બિચારો કૂતરો....!

'જો તેનું દર્દ વધી જશે તો આ કોહવાટ તેના આખા શરીરમાં ફરી વળશે. તો તો પછી....!' મદનને ખૂબ દુઃખ થયું.

મદન તેનું દુઃખ જોઈ ના શકચો.

'કોઈ ઉપાય તો કરવો જ જોઈએ.' તે વિચારવા

લાગ્યો.

કંઈક નક્કી કર્યા પછી તે એક ડૉકટર પાસે ગયો. તેના ચહેરા પર ગભરાટ પથરાયેલો જોઈ ડૉકટરે પૂછ્યું : 'કેમ છોકરા, ઘરે કોઈ માંદુ છે ?' 'ઘરે તો કોઈ માંદુ નથી સૌ મઝામાં છે. પણ તમે મારી સાથે આવશો ?' મદને પૂછ્યું. 'તું તો કહે છે કે ઘરે સૌ મઝામાં છે. તો પછી તું આટલો બધો ગભરાયેલો કેમ છે ?' ડૉકટરે પૂછ્યું.

વાત એમ છે કે રસ્તામાં એક કૂતરો પડયો છે. તેના કાન પર ઘા છે. ને ઘામાં કીડા પડયા છે. દુઃખનો માર્યો બિચારો તરફડી રહ્યો છે. તમે મારી સાથે આવો.

'એક કૂતરા માટે તું આટલો બધો દુઃખી થાય છે ?'

'ડૉકટરસાહેબ, શું કૂતરામાં જીવ નથી ?'

'ઓહ ! નાનકડા છોકરા, તારી વાત કેટલી મોટી છે ! શાબાશ દીકરા...!' તેમણે તરત જ દવાની એક શીશી આપી ને સમજાવતાં કહ્યું, 'આ હું જે દવા આપું છું તે લઈ જા. એક લાકડીનો ટુકડો લેજે. તેને એક છેડે કપડું વીંટાળી તેને આ દવામાં બોળી કૂતરાના કાન પરના ઘા પર લગાવજે. કૂતરાને આરામ થઈ જશે પણ ધ્યાન રાખજે કૂતરો ક્યાંક તને કરડે નહિ !'

'તમારો ખૂબ ખૂબ આભાર !' મદને કહ્યું.

ડૉકટર પાસેથી દવા લઈ મદન સીધો પહોંચ્યો પેલા કૂતરા પાસે.

કૂતરો હજીય તરફડી રહ્યો હતો.

ડૉકટરની સૂચના પ્રમાણે મદને કૂતરાના ઘા પર

દવા લગાડવાના પ્રયત્નો કર્યા. શરૂઆતમાં તો કૂતરાએ તેનો વિરોધ કર્યો. મદન તરફ ધસી પણ ગયો. પણ મદન ગભરાયો નહિ. તેણે તો પ્રેમથી બુચકારી, ઘા સાફ કરી દવા લગાવી.

કૂતરાને પણ થોડી રાહત થઈ.

હવે, પૂછડી પટપટાવતો તે મદનની નજીક આવી બેસી ગયો.

આટલું કરતાં ઘરે જવામાં તેને મોડું થયું, પરંતુ તેના ચહેરા પર સંતોષની રેખા ચમકતી હતી.

જાણો છો તમે કે આ દયાળુ બાળક કોણ હતો?

દયા અને ધર્મની સૌમ્ય મૂર્તિ સમા પંડિત મદન-મોહન માલવીયના બાળપણના આ પ્રસંગ પરથી પ્રાણી માત્ર પર દયા રાખવાનું આપણે શીખીશું ને?

## ૬

## સહનશીલ બાળક

દિવાળીના દિવસો હતા.

નગરમાં સર્વત્ર આનંદ આનંદ છવાયો હતો.

ચારે તરફ પ્રસન્નતાનું વાતાવરણ છવાયું હતું.

દરરોજ રાત્રે નગર પર અંધકાર છવાતો અને રોશનીનું સામ્રાજ્ય નગરની શેરીએ શેરીમાં તેમજ ગલીએ ગલીમાં પથરાઈ જતું.

નાનામોટાં સૌ ફટાકડા ફોડીને અને રોશની કરીને દિવાળીના તહેવારનો આનંદ માણતા હતા,

એક મકાનના આંગણામાં સરખેસરખાં ભૂલકાંઓ ભેગાં થયાં હતાં.

તેઓ ફૂલઝડીઓ સળગાવે, ને તેમાંથી ખરતી રંગબેરંગી રોશની જોઈને સૌ આનંદ પામે.

કિકિયારી કરે !

શોરબકોર કરે !

એક ફૂલઝડી થોડી વાર સુધી સળગે પછી પૂરી થઈ જાય.

ને ભૂલકાંઓનો આનંદ ઓસરી જાય. તેમને એમ થાય કે આ રંગીન ફૂલઝડી સળગતી જ રહે અને લાંબા સમય સુધી ખૂબ બધો પ્રકાશ આપતી રહે તો કેવું !

તો તો પછી વિશેષ આનંદ છવાઈ જાય ચારે તરફ !

પણ એવું બને શી રીતે ?

'આપણે એક એક ફૂલઝડી વારાફરતી સળગાવીએ એનાં કરતાં જો એક સાથે ઘણી બધી ફૂલઝડીઓ સળગાવી હોય તો કેવું ?' એક બાળકે વાત કરી.

'તારી વાત સાચી છે. એવું કરવાથી એક સામટો પ્રકાશ લાંબા સમય સુધી રહેશે અને આપણને બધાંને આનંદ મળશે.' બીજાં બાળકોએ એકી સાથે કહ્યું.

બધાંએ તાળીઓ પાડી પેલા બાળકની વાતને વધાવી લીધી.

પેલા બાળકે તો એક એક કરી બધી ફૂલઝડીઓનો થોકડો કર્યો.

એક...

બે...

ને

ત્રણ...!

ભૂલકાંઓએ ચિચિયારી પાડી.

પેલા બાળકે ફૂલઝડીઓના થોકડામાં દિવાસળી ચાંપી.

બીજી જ ક્ષણે રંગીન પ્રકાશથી વાતાવરણ ઝગમગી ઊઠ્યું.

ભૂલકાંઓ આનંદથી નાચી ઊઠ્યાં.

તેમનો આનંદ તરત જ નાશ પામ્યો. એક સામટી આટલી બધી ફૂલઝડીઓ સળગાવવા જતાં પેલો બાળક સખત દાઝી ગયો.

'અરે! કોઈ દોડો...'

બાળકો ચીસાચીસ પાડવા લાગ્યાં.

મોટેરાંઓ દોડી આવ્યાં.

'એકાએક આ શો રંગમાં ભંગ....'

બધાં જુએ છે તો....પેલો બાળક ઘણે ઠેકાણે દાઝ્યો હતો.

'કોઈ વૈદ્યને બોલાવો...'

'ડૉક્ટર પાસે લઈ જાવ....'

'મલમ લગાડો...'

જાત જાતની સલાહ લોકો આપવા લાગ્યા.

થોડી જ વારમાં તો ત્યાં ખાસ્સું મોટું ટોળું ભેગું થઈ ગયું.

પેલો બાળક અકળાઈ ગયો.

'શા માટે બૂમાબૂમ કરો છો? મને કંઈ જ થયું નથી. શરીર છે, દાઝેય ખરું! દિવાળી કંઈ અમસ્તી થોડી ઉજવાય? ફોલ્લા તો રુઝાઈ જશે.' તે બાળકે જરા પણ ગભરાયા વિના કે ઊંહકારો ભર્યા વિના હસતાં હસતાં કહ્યું.

તેની સહનશીલતા અને ધૈર્ય પર સૌ વારી ગયાં!

પેલા બાળકે સહનશીલતાને પોતાનો જીવનમંત્ર બનાવ્યો.

એ બાળક મોટો થતાં એક ક્રાંતિકારી વીર ચંદ્રશેખર આઝાદ તરીકે પંકાયો.

શહીદ ભગતસિંહના ક્રાંતિકારી સાથી ચંદ્રશેખર આઝાદ જેવા કેટલાય નામી અનામી શહીદોની શહાદત વડે આપણને અમૂલી આઝાદી મળી છે. આવો! આપણે સૌ એમની શહાદતને પ્રણામ કરી તેમના જેવા ધૈર્ય અને સહનશીલતાના ગુણ કેળવવાના પ્રયત્નો કરીએ!

## ૭

## કૃતનિશ્ચયી બાળક

તેનું નામ વલ્લભ.

કરમસદની પ્રાથમિક શાળામાં ભણી તેણે સાતમું ધોરણ પાસ કર્યું.

અંગ્રેજી શાળા તો કરમસદમાં નહોતી.

કરમસદથી છ–સાત માઈલ દૂર આવેલા પેટલાદ ગામમાં અંગ્રેજી શાળા હતી.

વલ્લભે તો પેટલાદની એ અંગ્રેજી શાળામાં અભ્યાસ શરૂ કર્યો.

જવા આવવા માટે વાહનની કોઈ સગવડ નહોતી. એટલે દરરોજ ચાલતા જ જવાનું ને ચાલતા જ આવવાનું. વલ્લભ તો તેના કેટલાક મિત્રો સાથે દરરોજ ચાલીને ભણવા માટે પેટલાદ જાય અને ચાલીને આવે.

વળી આજના જેવા ડામર રસ્તા ત્યારે નહોતા.

કરમસદથી પેટલાદ જવાનો ખેતરાળ રસ્તો હતો. એમાં પડેલી પગદંડીના માર્ગે વલ્લભ અને તેના મિત્રો દરરોજ જા–આવ કરે તેમાંય સવારની નિશાળ હોય ત્યારે વહેલી પરોઢિયે અંધારામાં જ તેમણે નીકળી જવું પડે.

એક દિવસની વાત છે.

સવારની નિશાળ હોવાથી વલ્લભ અને તેના મિત્રો ખૂબ વહેલા–પરોઢિયે–ખૂબ અંધારામાં નીકળી પડચા. વાતો કરતા જાય અને રસ્તો કાપતા જાય.

અચાનક એક જગ્યાએ વલ્લભ અટકી ગયો. વાતોમાં મસ્ત એવા તેના મિત્રો તો આગળ નીકળી ગયા. થોડે ગયા પછી એક વિદ્યાર્થીનું ધ્યાન એ બાબત પર ગયું. તેણે કહ્યું : 'અરે ! વલ્લભ કચાં છે ?' તરત જ સૌએ પાછળ જોયું તો થોડે દૂર બેઠા બેઠો વલ્લભ કંઈ ગડમથલ કરતો હતો.

'તું શું કરે છે વલ્લભ ?' એક જણે બૂમ પાડી.

'થોભો, હું અબઘડી આવું છું' વલ્લભે ત્યાં રહ્યે રહ્યે મોટેથી જવાબ દીધો. થોડી વાર પછી તે ઊભો થયો. અને દોડતો દોડતો તેના મિત્રો પાસે પહોંચી ગયો.

'કેમ વલ્લભ, તું શું કરતો હતો ?' એક મિત્રે પૂછ્યું.

'રસ્તામાં એક પથ્થરનો ખૂંટ હતો. અંધારામાં તે આપણા જેવા ઘણાને નડ્યો હશે. કોઈના પગ ભાંગ્યા હશે. તેને હલાવીને બહાર કાઢી નાખ્યો, એક બાજુએ ફેંકી દીધો. હવે તે કોઈને હેરાન નહિ કરે. મેં ગઈ-કાલનો નિશ્ચય કર્યો હતો કે માર્ગમાં આવતા આ ખૂંટને કાઢીને ફેંકી દેવો.' વલ્લભે ટૂંકમાં વાત કરી.

માર્ગમાં નડતી મુશ્કેલીઓને આમ જ ખૂંટની માફક કાઢીને ફેંકી દેવાનું નાનપણથી જ શીખનાર એ બાળક મોટો થતાં આપણા દેશનો એક મહાન નેતા બન્યો.

તમે સૌ ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને તો ઓળખો જ છો ને ? તેમના આ બાળપણના પ્રસંગ પરથી આપણે સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ કે જીવનપથ પર આવતી ગમે તેવી મુશ્કેલીઓનું નિવારણ કરવાનું તેમને બાળપણથી જ આવડતું હતું. આપણે પણ તેમના જેવા કૃતનિશ્ચયી થવાનું નક્કી કરીએ તો કેવું !

## ૮

## આજ્ઞાપાલક બાળક

તેને બધા 'નાનો' કહે,

નાનો ખૂબ ડાહ્યો હતો.

તોફાન મસ્તી ઝાઝી કરે નહિ.

માબાપની આજ્ઞાનું તો તે દૃઢપણે પાલન કરતો.

એક દિવસની વાત છે.

નાનાને ત્યાં તેના પિતાને મળવા માટે કોઈ નેતા આવ્યા.

તેમની વાત પરથી એવું લાગતું હતું કે તેમને ખૂબ અગત્યનું કામ હતું.

'જો નાના! મારે થોડું કામ છે. હું અંદરના રૂમમાં છું. અમે બંને ખૂબ જ અગત્યની વાતો કરવાના છીએ માટે તારે દરવાજા પાસે બેસી રહેવું. અને અંદરના રૂમમાં કોઈને પણ આવવા ના દેવું. સમજ્યો?' તેના પિતાજીએ તેને કહ્યું.

કોઈને પણ નહિ?'

'હા...હા...! કોઈને પણ નહિ!'

'જી પિતાજી! કોઈને પણ નહિ આવવા દઉં!' નાનાએ જવાબ દીધો.

'જોજે ક્યાંક રમવા ના ચાલી જતો.'

'નહિ જાઉં પિતાજી' એટલું કહી નાનો તો ખુરશી લઈને બેસી ગયો દરવાજા બહાર. જાણે નાનકડો ચોકીદાર !

તેના પિતાજી તો પેલા નેતા જોડે અંદરના રૂમમાં ચાલી ગયા.

થોડી વાર થઈ હશે ત્યાં એક જમીનદાર આવ્યા. નાનાના પિતાજી એક બાહોશ વકીલ હતા, આ જમીનદાર ઘણી વાર તેના પિતાજીની સલાહ લેવા માટે આવતા. નાનો તેમને સારી રીતે ઓળખતો હતો.

'તારા પિતાજી ઘરમાં છે ?' પેલા જમીનદારે પૂછ્યું.

'હા....છે ને!' નાનાએ જવાબ દીધો.

બીજી કોઈ વાત કર્યા વિના પેલા જમીનદારે અંદરના રૂમમાં પ્રવેશવાનો પ્રયત્ન કર્યો. નાનાએ તેમને અંદર જતા રોકીને કહ્યું : 'મારા પિતાજી એક અગત્યના કામમાં રોકાયેલા છે, તેથી કોઈને પણ અંદર જવાની મનાઈ છે. માટે તમે અહીં આ ખુરશી પર બેસો. કામ પૂરું થતાં પિતાજી બહાર આવશે, ત્યારે તમે તેમને મળી શકશો.' નાનાએ કહ્યું.

જમીનદારને તો ખૂબ માઠું લાગ્યું.

તેમને થયું પણ ખરું કે આ નાનકડો છોકરો તો ભારે જબરો છે. પણ શું થાય ! કામ અગત્યનું હતું એટલે ના છૂટકે પણ તેમણે બેસવું પડ્યું.

સમય પસાર થવા લાગ્યો.

જમીનદાર તો ઊંચાનીચા થવા લાગ્યા. એક કરતાં એક કલાક પસાર થઈ ગયો તોપણ નાનાના પિતાજી

બહાર ન નીકળ્યા.

જમીનદારને તો નાના પર ખૂબ રોષ ચડચો.

નાનો કદાચ તેમને બરાબર ઓળખી શકયો નહિ હોય એમ માનીને તેમણે નાનાને કહ્યું : 'તું મને ઓળખે છે કે હું કોણ છું ?' તેમના શબ્દોમાં રોષ હતો. તેમને એમ કે હવે તો તે મને અંદર જવા દેશે. પણ નાનો જેનું નામ ! તેણે જરાય મચક ના આપી !

'તમને હું ખૂબ સારી રીતે ઓળખું છું. પણ તેથી હું તમને અંદર જવા ન દઈ શકું ! પિતાજીની આજ્ઞા એટલે આજ્ઞા ! હું લાચાર છું.' નાનાએ કહ્યું.

જમીનદાર બાપડો સમસમીને બેસી રહ્યો.

શું થાય ?

આ નાનકડો ચોકીદાર અંદર જવા જ ન દે તો પછી પોતે કરી પણ શું શકે ?

બાળપણથી જ ચારિત્રઘડતરનું અમૂલ્ય સંસ્કાર-સીંચન જેનામાં થયું હતું, તેવો આ 'નાનો' એક દિવસ 'મહાન' બની ગયો અને ભારતને જ નહિ પણ સમગ્ર વિશ્વને શાંતિનો દિવ્ય સંદેશ આપી ગયો. આપણા સ્વતંત્ર ભારતના સૌ પ્રથમ વડાપ્રધાન સ્વ. પંડિત જવાહરલાલ નહેરૂના બાળપણનો આ ટચૂકડો પ્રસંગ આપણે આપણા જીવનમાં ઉતારીશું તો સાચા અર્થમાં તેમને સાચી શ્રદ્ધાંજલિ હશે.

## ૯

# પુરુષાર્થી બાળક

એક હતો બાળક.

તેનું નામ ચૂનીલાલ.

પણ બધા તેને 'ચૂનિયો' જ કહે.

પ્રાથમિક શાળામાં તે ભણે.

ભણવામાં તે ખૂબ જ હોશિયાર.

તેની સ્મરણશક્તિ પણ ખૂબ જ તીવ્ર. એક વાર વાંચે કે એક વાર સાંભળે એટલે તે વાત તેને યાદ રહી જ જાય.

તેના કુટુંબની આર્થિક પરિસ્થિતિ સારી નહોતી. એટલે તેણે અભ્યાસમાં ખૂબ કાળજી રાખવી પડે. રખેને ક્યાંક નાપાસ થવાય તો!

જો કે બધા નાપાસ થાય પણ ચૂનિયો ક્યારેય નાપાસ ન થાય. એવો હોશિયાર હતો તે.

હોશિયાર ચૂનિયો તો શાળા અને શિક્ષકોનું ગૌરવ હતો.

ચૂનિયામાં એક બીજો પણ ગુણ હતો. પોતાના ગરીબ મિત્રોને તે ભણાવતો. તેમને ભણવામાં મદદ કરતો.

આમ, તે ભણે અને ભણાવે!

હવે બન્યું એવું કે એ જ ગામમાં એક અંગ્રેજી શાળા શરૂ થઈ.

તેના વર્ગના કેટલાક પૈસાદાર વિદ્યાર્થીઓ પેલી અંગ્રેજી શાળામાં દાખલ થયા.

અંગ્રેજી શાળામાં તો ભણવાની ફી આપવી પડે.

...ને ચૂનિયા પાસે ફી ભરવાના પૈસા નહોતા. તેને પણ એ શાળામાં ભણવાની ખૂબ જ ઇચ્છા થાય. પણ ફીનો પ્રશ્ન આડે આવતો હતો. ઘરમાંથી તો પૈસા મળી શકે તેમ હતું જ નહિ.

તો પછી કરવું શું ?

'ગમે તે ઉપાયે પણ આ અંગ્રેજી શાળામાં પ્રવેશ મેળવવો જ જોઈએ.' ચૂનિયાએ મક્કમ નિર્ધાર કર્યો.

ખૂબ વિચારોને અંતે તેને એક માર્ગ મળ્યો.

તે તો ઉપડયો. અંગ્રેજી શાળાના આચાર્યસાહેબ પાસે ગયો. જઈ ને પ્રણામ કરી ઊભો રહ્યો.

'કેમ આવ્યો છોકરા ? કંઈ કામ છે ?'

'સાહેબ, મારે આપની શાળામાં ભણવું છે. પણ હું ગરીબ કુટુંબમાંથી આવું છું. તેથી ફી ભરવા માટે મારી પાસે પૈસા નથી. પરંતુ આપ સાહેબ, મારા પર ઉપકાર કરીને મને શાળામાં સફાઈ કાર્ય કરવાનું ગોઠવી આપો, તો તેમાંથી મળતા પૈસામાંથી હું ફી ભરી શકું. ને અભ્યાસ કરી શકું.' ખૂબ જ નમ્રતાપૂર્વક ચૂનિયાએ કહ્યું.

આચાર્યસાહેબ પણ દયાળુ હતા.

તેમણે ચૂનિયાને તરત જ પારખી લીધો. કે આ કોઈ 'હીરો' છે. ચૂનિયામાં રહેલા તમન્ના અને પુરુષાર્થના ગુણોને તેમણે બિરદાવ્યા.

તરત જ ચૂનિયાને શાળામાં પ્રવેશ મળી ગયો.

તે દરરોજ સવારે વહેલો આવે. શાળા ઉઘાડે. ઓરડાઓ સાફ કરે. બાગકામ કરે. કયારેક દિવસ દરમ્યાન શાળાના પટાવાળાનું કામ પણ તેણે કરવું પડતું. પણ ચૂનિયાએ કયારેય નારાજગી બતાવી નહિ.

આ કાર્ય બદલ તેને મળતી રકમાંથી તે ફી ભરે. અને ભણે.

જીવનભર જેમણે સત્યને પરમેશ્વર ગણી, સત્ય, પુરુષાર્થ, ન્યાય અને પ્રામાણિકતાને પોતાના જીવનમાં તાણુવાણુની જેમ ગૂંથી લીધાં હતાં–તેવા પૂજ્ય શ્રીમોટાના બાળપણના આ પ્રસંગ પરથી આપણે પણ પુરુષાર્થી અને સ્વાશ્રયી બનવાના પ્રયત્નો આજથી જ આરંભીએ તો કેવું !

## ૧૦

## ન્યાયપ્રિય બાળક

એક હતો બાળક.

તેનું નામ નરેન્દ્રનાથ પણ બધા તેને નરેન જ કહે.

ભણવામાં તો તે ખૂબ જ હોશિયાર. એક વાર સાંભળેલો પાઠ તેને તરત જ યાદ રહી જતો. તે પાઠ ફરીથી વાંચવાની તેને જરૂર પડતી નહિ. તેની યાદશક્તિ ખૂબ જ તીવ્ર હતી. એક બાજુ શિક્ષક ભણાવે ને બીજી બાજુ

તેને પાઠ મોઢે.

હંમેશાં તે પ્રથમ નંબર જ રાખતો.

તે તોફાની પણ હતો. પણ તેનું તોફાન નિર્દોષ જ રહેતું. તે દયાળુય હતો.

શિક્ષકના શબ્દો જાણે કે સીધા જ તેના મગજ પર અંકિત થઈ જતા. એટલે વાંચવાની કે અભ્યાસ કરવાની ઝાઝી જરૂર તેને પડતી નહિ. વર્ગ ચાલુ હોય ત્યારે પણ તે આજુબાજુના વિદ્યાર્થીઓ જોડે વાતો કરવા છતાં પણ તેનું ધ્યાન તો શિક્ષકના શબ્દો સાંભળવામાંય રહેતું.

એક દિવસની વાત છે.

વર્ગમાં શિક્ષક ભણાવી રહ્યા હતા.

નરેનના કાનો શિક્ષકના શબ્દો સાંભળતા હતા. સાથે સાથે તેની બેંચ (પાટલી) પરના બીજા વિદ્યાર્થીઓ જોડે વાત કરવામાં પણ રસ લેતો.

શિક્ષકે જોયું કે નરેન અને તેની પાટલી પરના બધા જ વિદ્યાર્થીઓનું ધ્યાન ભણવામાં નથી. તેઓ કોઈ બીજી વાત કરી રહ્યા છે. તસ્ત જ તેમણે બધાને ઊભા કર્યા. વર્ગના બીજા તમામ વિદ્યાર્થીઓનું ધ્યાન એ તરફ ગયું.

'બોલો જોઈએ હું શું ભણાવી રહ્યો હતો ?' ગુસ્સે થતાં શિક્ષકે વારાફરતી તે બધાને પૂછ્યું.

શું જવાબ આપે બધા !

તેઓ બિચારા ગભરાવા લાગ્યા !

હવે ?

બધા નીચું જોઈ ગયા.

'બોલ નરેન ! હું શું ભણાવી રહ્યો હતો ?' શિક્ષકનો પ્રશ્ન પૂરો થાય તે પહેલાં તો નરેને ફટાફટ જવાબ દીધો. શિક્ષકે માન્યું કે નરેનનું ધ્યાન અભ્યાસમાં હતું, જ્યારે બાકીના વિદ્યાર્થીઓ અભ્યાસમાં ધ્યાન આપવાની જગ્યાએ વાતો કરતા હતા. તેથી તેમણે સૌને આજ્ઞા કરી : 'નરેન સિવાયના બીજા વિદ્યાર્થીઓ ઊભા રહે ! નરેન તું બેસી જા !'

પણ નરેન તો ઊભો જ રહ્યો.

બીજા વિદ્યાર્થીઓ પણ ઊભા રહ્યા !

'કેમ નરેન, તેં સાંભળ્યું નહિ ?'

'જી ! મેં સાંભળ્યું છે.'

'તો પછી તું કેમ ઊભો રહ્યો ?'

'સાહેબ, મારી પાટલી પરના બીજા વિદ્યાર્થીઓને વાતો કરવા માટે તમે જે સજા કરી છે તે સજા મારે પણ ભોગવવી જ જોઈએ. કારણ કે વાત તો હું પણ કરતો હતો. મેં વર્ગની શિસ્તનો ભંગ કર્યો છે. હું પણ મારા આ મિત્રો જેટલો જ ગુનેગાર છું. સજા મને પણ થવી જ જોઈએ. તો જ સાચો ન્યાય થશે.' નરેને શાંતિથી કહ્યું.

ન્યાયપ્રિય નાનકડા નરેનની આ મોટી વાત સાંભળી શિક્ષકને થયું કે મોટો થતાં આ બાળક જરૂર નામ કાઢશે.

અધ્યાત્મ અને પ્રેમની જ્યોત વિશ્વભરમાં પ્રગટાવનાર સ્વામી વિવેકાનંદનો બાળપણનો આ પ્રસંગ આપણને સમજાવી જાય છે કે ભલે બીજા આપણને ગુનેગાર ન

સમજે પણ આપણો અંતરાત્મા જો કબૂલ કરે કે 'ભલે અન્યની નજરમાં તું ગુનેગાર નથી—પરંતુ હકીકતમાં તો તું ગુનેગાર છે' તો જાહેરમાં ગુનો કબૂલ કરતાં જરાય સંકોચ ન રાખવો અને ભવિષ્યમાં એવો ગુનો કે એવી ભૂલ ના કરવી.

## ૧૧
## સત્યપ્રિય બાળક

'જુઓ ! આ બધા દાખલાઓ આવતી કાલે ગણી લાવજો.' શિક્ષકે ઘરલેસન આપતાં કેટલાક દાખલાઓ લખાવ્યા.

ને...

ઘંટ વાગ્યો.

શાળા છૂટી.

બાળકો ઘરે ગયાં.

બીજે દિવસે શાળા શરૂ થઈ.

શિક્ષક વર્ગમાં દાખલ થયા.

'ચાલો ત્યારે, ગઈ કાલે મેં ગણવા આપેલા દાખલાઓ બધા ગણી લાવ્યા છો ને ? દરેક વિદ્યાર્થી વારાફરતી મને તે બતાવી જાય એટલે હું તે જોઈ લઉં !' શિક્ષકે કહ્યું.

શિક્ષકના હુકમનો અનાદાર તો કેમ થાય ?

એક પછી એક એમ દરેક વિદ્યાર્થી પોતે ગણી

લાવેલા દાખલા શિક્ષકને બતાવવા લાગ્યા.

લગભગ દરેક વિદ્યાર્થીએ કોઈ ને કોઈ દાખલો ગણવામાં ભૂલ કરી હતી.

કેટલાકે તો દાખલા ગણ્યા જ નહોતા.

શિક્ષકનો ચહેરો ગુસ્સાથી લાલપીળો થતો જતો હતો.

'શું આ વર્ગમાં કોઈ હોશિયાર વિદ્યાર્થી જ નથી?' શિક્ષકનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો.

અંતે બાકી રહેલો છેલ્લો વિદ્યાર્થી તેમની પાસે આવ્યો.

તેનું નામ ગોપાલ.

ગોપાલના બધા જ દાખલા સાચા હતા.

શિક્ષકને ખૂબ આનંદ થયો. બધાંના દેખતાં તેમણે ગોપાલની પીઠ થાબડી અને તેની પ્રશંસા કરતાં કહ્યું : 'શાબાશ ગોપલ! તેં આજે મારું નાક રાખ્યું. તેં બધા જ દાખલા સાચા ગણ્યા છે. તું આ વર્ગનો સૌથી હોશિયાર વિદ્યાર્થી છે. તારું સ્થાન પ્રથમ પાટલી પર પ્રથમ નંબરે હોવું જોઈએ. આવ, અહીં આ પહેલી પાટલી પર બેસ!'

પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે ગોપાલ તો ચોધાર આંસુએ રડવા લાગ્યો.

'તું કેમ રડે છે?' શિક્ષકે તેને પ્રેમથી પૂછ્યું.

'સાહેબ તમે કરેલી પ્રશંસાને માટે હું લાયક નથી. આ બધા દાખલાઓ મેં મારી જાતે નથી ગણ્યા. એ દાખલાઓ ગણવામાં મેં મારા મિત્રની મદદ લીધી છે.

માટે જ્યારે આ દાખલાઓ મેં મારી જાતમહેનતથી નથી ગણ્યા, ત્યારે પ્રથમ નંબરે બેસવાનો મને કોઈ અધિકાર નથી.' ગોપાલે સ્પષ્ટતા કરી.

'શાબાશ! એક દિવસ તું જરૂર દેશનું નામ રોશન કરીશ.!' શિક્ષકે તેની પીઠ થાબડી.

મોટા થઈને ગોપાલે પોતાના શિક્ષકના શબ્દો સાચા પાડ્યા.

ગોપાલ કૃષ્ણ ગોખલેના બાળપણનો આ પ્રસંગ આપણને શું સૂચવે છે?

એ જ કે આપણે પણ ગોપાલની જેમ હંમેશાં સાચું બોલવું જોઈએ અને જૂઠી પ્રશંસા સાંભળવાની ચેષ્ટા ન કરવી જોઈએ.

## ૧૨

## મિત્રપ્રેમી બાળક

'પિતાજી મને સાત રૂપિયા આપો.' એક બાળકે તેના પિતાજી પાસે સાત રૂપિયાની માગણી કરતાં કહ્યું.

'સાત રૂપિયા...?'

'જી! પિતાજી!'

'શા માટે? તારે શું કામ છે?' આશ્ચર્ય સહિત તેના પિતાજીએ પૂછ્યું.

'મારે ખૂબ જરૂરી અને અગત્યનું કામ છે.' બાળકે

ખૂબ જ નમ્રતાપૂર્વક કહ્યું.

પિતાજીએ ઝાઝો આગ્રહ ના રાખ્યો. પોતાના દીકરા પર તેમને પૂર્ણ વિશ્વાસ હતો કે એ ક્યારેય ખોટું કામ નહિ જ કરે.

તેમણે ચૂપચાપ સાત રૂપિયા તેના હાથમાં મૂકી દીધા.

બાળક પૈસા લઈ રવાના થયો.

'પૈસા આપી તો દીધા. પણ એ પૈસાનું તે શું કરે છે તે પણ મારે જાણવું જોઈએ જ,' તેના પિતાજીએ વિચાર કર્યો. પછી એક નોકરને બોલાવી બધી વાત સમજાવીને કહ્યું કે તું તેની પાછળ પાછળ જા અને જો કે તે ક્યાં જાય છે અને શું કરે છે.

માલિકના હુકમનું પાલન કરતો નોકર તો પેલા બાળકની પાછળ પાછળ પેલા બાળકને અણસાર સુધ્ધાં ન આવે તે રીતે ચાલવા લાગ્યો.

તે બાળક એક ગરીબ વિસ્તારમાં ગયો. ત્યાં એક ઝૂંપડીમાં પ્રવેશ્યો. અહીં તેનો એક મિત્ર રહેતો હતો, જે ખૂબ જ ગરીબ હતો. મિત્રને સાથે લઈ તે બાળક શહેરી વિસ્તાર ભણી ગયો.

નોકર પણ તેની પાછળ પાછળ ગયો.

બંને મિત્રો એક પુસ્તકની દુકાનમાં પ્રવેશ્યા.

દુકાનથી થોડે દૂર ઊભો રહી નોકર જોવા લાગ્યો કે પેલા બંને શું કરે છે.

તે બાળકે પોતાના ગરીબ મિત્રને જરૂરી પુસ્તકો

ખરીદી આપ્યાં.

પછી બંને આગળ ચાલ્યા.

પેલા બાળકના હાથમાં હજી કેટલાક પૈસા બચ્યા હતા.

થોડું ચાલી તેઓ બંને એક બૂટચંપલની દુકાનમાં પ્રવેશ્યા. ચંપલની એક જોડ પેલા બાળકે તેના ગરીબ મિત્ર માટે ખરીદી અને તેને આપી.

દુકાનમાંથી બહાર નીકળ્યા ત્યારે બંને મિત્રોના ચહેરા પર આનંદની રેખાઓ હસતી હતી.

નોકરે ઘરે આવીને બધી વાત પોતાના માલિકને કરી.

તે બાળકના પિતાજી પણ ખૂબ જ દયાળુ હતા. પોતાના દીકરાની આ વાત સાંભળી તેમને ખૂબ જ આનંદ થયો.

આ બાળક મોટો થતાં દેશબંધુ ચિતરંજન દાસના નામે જાણીતો થયો.

બાળમિત્રો! જો તમારું પરિવાર સુખી પરિવાર હોય, જો તમારા પિતાજી ઉદાર હોય અને તમે જો તમારા ગરીબ મિત્રને મદદ કરી શકો એવી સ્થિતિમાં હો, તો તો અવશ્ય મદદ કરજો. એક નાનકડી મદદ એક મોટી આશાને જન્મ આપે છે.

## ૧૩

# સંતપ્રેમી બાળક

એક હતો બાળક.

તેનું નામ નાનક.

તેના પિતાજી એક વેપારી હતા.

એક વાર નાનકને વીસ રૂપિયા આપી તેના પિતાજીએ તેને કહ્યું : 'જા, બાજુના નગરમાં જઈ ને થોડો માલસામાન ખરીદી લાવ.'

'જી ! પિતાજી !' નાનકે વીસ રૂપિયા લેતાં કહ્યું.

'જો દીકરા, કામ જરા હોશિયારીથી કરજે. છેતરાતો નહિ. એવું ન બને કે લાભને બદલે નુકશાન થાય. સાચો સોદો કરજે. છેતરાતો નહિ.' દીકરાને જરૂરી અને યોગ્ય શિખામણ આપી દીકરાની સાથે એક નોકરને પણ તેમણે મોકલ્યો.

નાનક તો ચાલી નીકળ્યો.

'સાચો સોદો કરવાનો છે. છેતરાવાનું નથી.' પિતાજીની શિખામણ તેને વારંવાર યાદ આવતી હતી.

તેઓ પોતાના ગામથી ઘણે દૂર પહોંચ્યા હશે, ત્યાં રસ્તામાં તેમને કેટલાક સાધુસંતો મળ્યા.

નાનક તો તેમની પાસે ગયો.

તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

તેમની સાથે વાત કરતાં નાનકને જણાયું કે આ સંતો સાત દિવસથી ભૂખ્યા છે.

'પિતાજીએ મને સાચો સોદો કરવાનું કહ્યું છે. તો પછી શા માટે પેલા વીસ રૂપિયાનો ઉપયોગ આ ભૂખ્યા સંતોને જમાડવાના નેક કાર્યમાં ન કરું? એનાથી શ્રેષ્ઠ સોદો બીજો કયો હોઈ શકે?' નાનકે વિચાર કર્યો. પછી પોતાના નોકર સાથે તેઓ બંને નજીકના ગામમાં ગયા. અનાજ વગેરે ખરીદ્યું. પાછા ફર્યા. ને સંતોના ચરણમાં તેમણે એ બધું ધર્યું.

સંતોએ પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ આપ્યા.

નાનકને પણ સંતોષ થયો કે તેણે શ્રેષ્ઠ સોદો કર્યો.

હવે આગળ જવાનો કોઈ અર્થ નહોતો એટલે તેઓ ખાલી હાથે પાછા ફર્યા.

નાનકને ખાલી હાથે ફરેલો જોઈ ને તેના પિતાજીને ખૂબ આશ્ચર્ય થયું. નોકર પાસેથી બધી હકીકત જાણી તેમને ખૂબ ગુસ્સો ચડચો. ક્રોધે ભરાયેલા તેમણે નાનકને ખૂબ માર્યો. પણ નાનકે ઉફ્ સુધ્ધાં ન કર્યું.

આ સંતપ્રેમી બાળક આગળ જતાં પોતે એક સંત તરીકે જાણીતા બન્યા. આપણે સૌ તેમને ગુરુનાનકના નામે સાદર અને સન્માનથી ઓળખીએ છીએ.

૧૪

## પરગજુ બાળક

થોડાં વર્ષો પહેલાંની આ ઘટના છે.

એક હતો બાળક.

તે ખૂબ જ દયાળુ હતો.

એક વાર તે તેની બા જોડે બેઠો હતો એટલામાં એક માણસ ત્યાં આવ્યો.

પહેરવેશ પરથી એવું લાગતું હતું કે આવનાર માણસ ગરીબ હશે અને તેના ચહેરા પરથી એવું લાગતું હતું કે તે માણસ કોઈ મુશ્કેલીમાં છે.

બાળકે જોયું કે પેલો માણસ તેની બા પાસે કરગરતો હતો અને કંઈક મદદ માટેની માગણી કરતો હતો.

પેલા પરગજુ બાળકની આંખો ભીની બનવા લાગી.

તેની બા પણ વિમાસણમાં હતી કે શું કરવું? તેની પાસે પણ હવે એટલા પૈસા નહોતા કે તે માણસને કંઈક આર્થિક મદદ કરી શકે.

પેલા બાળકે તેની માતાની આ મૂંઝવણ પારખી લીધી. બાની નજીક જઈ ધીરેથી તેણે કહ્યું: 'બા! આ માણસને કંઈક આપ ને!'

'પણ શું આપુ બેટા? ઘરમાં તો હવે એક પૈસો ય બચ્યો નથી. અને તું તો જે આવે તેને આપ આપ

કર્યા કરે છે.'

બાના શબ્દોમાં રહેલી લાચારી તેણે પારખી લીધી.

બાની વાત પણ ક્યાં ખોટી હતી?

બા અને દીકરો બંનેના સ્વભાવ જ એવા કે આંગણે આવેલું કોઈ ખાલી હાથે પાછું ફરતું નહિ.

તો...

'શું મદદ માટે ઘર આંગણે આવેલો આ બિચારો ગરીબ માણસ આજે ખાલી હાથે જશે? બિચારો કેવી ભારી મુશ્કેલીમાં હશે ત્યારે જ તો આવ્યો ને? તેને કંઈક તો સહાય કરવી જ જોઈએ! પેલો દયાળુ બાળક વિચારવા લાગ્યો. વિચાર કરતાં કરતાં તેની નજર તેની બાના હાથમાંની સોનાની બંગડી પર પડી. 'આ બંગડીઓમાંથી જો એકાદ બંગડી આ દુઃખી માણસને આપી હોય તો બિચારાનું કામ થઈ જાય!' મનોમન તેણે વિચાર્યું. પછી તેણે બાને કહ્યું: 'જો બા! તારી પાસે આ સોનાની બંગડીઓ છે, તેમાંથી એકાદ આ માણસને આપી દઈએ તો! બિચારાની મુશ્કેલી દૂર થઈ જશે' પછી ધીરેથી વહાલભર્યા શબ્દોમાં કહ્યું: 'અને બા! મોટો થઈને હું આવી જ બંગડી તને કરાવી આપીશ.'

બા હસી પડી. તે પણ પરગજુ હતી. દીકરાનો સ્વભાવ તે સારી રીતે જાણતી હતી. દીકરો ઉડાઉ નહિ પણ દયાનો સાગર હતો તે બા પણ સમજતી હતી જ.

તરત જ તેણે બંગડી કાઢી પેલા માણસને આપી દીધી.

આશીર્વાદ આપતો પેલો માણસ ચાલ્યો ગયો. તેના

ચહેરા પર ચમકતી આનંદની રેખાઓ જોઈને પેલા બાળકને પણ ખૂબ આનંદ થયો.

આ બાળકને તમે ઓળખો છો ?

હા, બંગાળ અને ભારતના સપૂત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર બાળપણથી જ દયાળુ અને પરગજુ સ્વભાવના હતા. જીવનભર તેમણે આપત્તિમાં આવી પડેલાં—મુશ્કેલીઓમાં મૂકાયેલાં માનવીને કોઈપણ પ્રકારના સ્વાર્થ કે પ્રલોભન વિના મદદ કરી.

## ૧૫
## ધર્મપ્રેમી બાળક

તેની વય ત્યારે માંડ બાર વર્ષની હશે. તેના પિતાજી બીજાપુરના રાજદરબારમાં એક ઊંચા સ્થાન પર હતા.

એક વાર તેણે પિતાજી સાથે રાજદરબારમાં જવાની ઇચ્છા વ્યક્ત કરી. તેના પિતાજી તેને રાજદરબારમાં લઈ ગયા.

દરબાર ભરાયો હતો.

દરબારમાં પ્રવેશનાર દરેક જણ નવાબને ઝૂકી ઝૂકીને સલામ કરતો હતો.

તે બાળકના પિતાજીએ પણ દરબારમાં પ્રવેશ કરતી વેળા નવાબને ઝૂકી ઝૂકીને સલામ કરી, પણ તે બાળક ન ઝૂક્યો કે ન તેણે સલામ કરી.

તેના આવા અવિવેકી વર્તનથી નવાબનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. તરત જ તેમણે અંગારા વરસાવતી નજરે તે બાળકના પિતાજી તરફ જોઈને કહ્યું : 'શું તમે તમારા પુત્રને રાજદરબારમાં આવવાની રીત શીખવી નથી ? આવો અવિવેક તો કેમ સહન કરી શકાય ? કેવો ઉદ્ધત પુત્ર છે તમારો ? મોટાંને માન આપવાનું પણ શીખ્યો નથી ?'

તે બાળકના પિતા કંઈ જવાબ આપવાનો પ્રયત્ન કરે તે પહેલાં તે બાળકે જવાબ દીધો : 'અવિવેક માફ કરજો મહારાજ ! વિવેક અને વિનય તો મારા સંસ્કાર છે. હું બધુંય જાણું છું. પણ મહારાજ આપના દરબારની બહાર ગાયનું માંસ વેચતી દુકાનો નજરે પડી અને હું અસ્વસ્થ બની ગયો. ભલા તમે જરા તો વિચારો કે એક ગોભક્ત હિંદુ આ કેમ સહન કરી શકે ? તમે તો જાણો છો કે અમારા ધર્મમાં ગાયનું સ્થાન તો મા સમાન છે; અમે તેની ગાય માતાના રૂપમાં પૂજા કરીએ છીએ. આ સંજોગોમાં હું જુદા વિચારે ચઢી ગયો અને તેથી તમને વંદન કરવાનું ભૂલી ગયો.'

બાળકની વાત સાંભળી નવાબ પણ જરા ઠંડો પડ્યો. નવાબે વિચાર્યું કે બાળકની વાત સાચી છે. તરત જ તેમણે પોતાના મંત્રીઓ જોડે ચર્ચા વિચારણા કરી એક આજ્ઞા બહાર પાડી કે : 'આજથી શહેરના બધા કસાઈ-ઓએ નગરની બહાર જઈ ત્યાં માંસ વેચવું. કોઈ પણ કસાઈએ નગરમાં જાહેર માર્ગ પર માંસ વેચવા બેસવું

નહિ. આ આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિને રાજ્ય તરફથી કઠોર દંડ કરાશે.'

આ ઘટના બન્યાને થોડા દિવસ થયા હશે. તે બાળક એક દિવસ ઘોડા પર બેસી બીજાપુર નગરમાં ફરતો હતો. તેણે દૂરથી જોયું તો એક કસાઈ એક ગાયને ઘસડીને લઈ જઈ રહ્યો હતો. બિચારી ગાય! નિર્દય કસાઈ ગાયને મારી રહ્યો હતો. તે બાળકથી આ સહન ન થયું. તેણે મારતે ઘોડે તે કસાઈની નજીક પહોંચી પોતાની કમરમાં લટકાવેલી તલવાર ખુલ્લી કરી તે કસાઈનો વધ કર્યો.

ચારે તરફ હો...હા...થઈ ગઈ.

કસાઈના કુટુંબીજનોએ રાજદરબારમાં પહોંચી ન્યાયની માગણી કરી. નવાબે બધી વાત સાંભળી. પછી કહ્યું: 'તે કસાઈએ અમારી આજ્ઞાનું પાલન કેમ ન કર્યું? એક હિંદુ એ કેવી રીતે સહન કરી શકે કે તેની ગૌમાતાને ખુલ્લા બજારમાં કોઈ ઘસડીને લઈ જાય? હું આ બાબતમાં તે બાળકનો કોઈ દોષ જોતો નથી.'

કોણ હશે આ નિર્ભિક અને ધર્મપ્રેમી બાળક કે જેણે ગૌમાતાના રક્ષણ કાજે એક કસાઈનો વધ કર્યો.

એનું નામ શિવાજી.

આવા નિર્ભિક, ધર્મપ્રેમી અને બુદ્ધિમાન હતા શિવાજી કે જેમણે દક્ષિણ ભારતમાં હિંદુ રાજ્યનો પાયો નાખ્યો.

આજે પણ છત્રપતિ શિવાજીને આદર અને સન્માનથી સૌ નમન કરે છે.

## ૧૬
# વિનમ્ર બાળક

એક હતો રાજા.

તેનું નામ બિન્દુસાર.

તેના ઘણા પુત્રો હતા.

સૌથી નાના પુત્રનું નામ હતું અશોક.

અશોક સાદગીપ્રિય અને વિનમ્ર છોકરો હતો.

બિન્દુસારની એવી ઇચ્છા હતી કે તેના મૃત્યુ બાદ તેનો મોટો દીકરો સુમન રાજા બને. જ્યારે તેના મંત્રીઓ એવું ઇચ્છતા હતા કે જે સૌથી વધુ યોગ્ય હોય તે જ રાજગાદી પર બેસે.

એક વાર મહાત્મા પિંગલવત્સાવીજ સમ્રાટ બિન્દુસારના દરબારમાં પધાર્યા. રાજા બિન્દુસારે ખૂબ જ ઉમળકાભેર તેમનું સ્વાગત કર્યું અને પ્રેમથી રાખ્યા. ખૂબ સારી પેઠે તેમની સેવા કરી. એક દિવસ જ્યારે મહાત્મા પિંગલ-વત્સાવીજ તેમની નગરી છોડી બીજે જવા લાગ્યા, ત્યારે રાજા બિન્દુસારે તેમને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી : 'મહાત્મન્ ! શું આપ મારું એક કાર્ય કરવાની કૃપા કરશો ? મારા પુત્રોની પરીક્ષા લઈને મને એ બતાવવાની કૃપા કરો કે મારા કયો પુત્ર રાજા થવાને યોગ્ય છે.'

મહાત્માએ રાજાની વિનંતી સ્વીકારી.

મહાત્માની આજ્ઞા અનુસાર એક મોટો મંડપ તૈયાર કરવામાં આવ્યો. દરેક રાજકુમારને એ મંડપમાં પધારવાનું નિમંત્રણ આપવામાં આવ્યું. દરેક રાજકુમાર સજી કરીને તૈયાર થઈને ઠાઠમાઠથી રથમાં બેસીને પેલા મંડપમાં પધાર્યા. અશોક પણ માતાજીને પ્રણામ કરી તેમની આજ્ઞા લઈ પેલા મંડપ તરફ ગયો. ન કોઈ રથ ન કોઈ પાલખી. પગપાળા જ તે પેલા મંડપ તરફ ગયો. રસ્તામાં તેને એક હાથી મળ્યો. તો હાથી પર સવાર થઈને તે પેલા મંડપમાં પહોંચ્યો.

બપોરનો સમય થયો.

બધા રાજકુમારોએ ભોજન કર્યું. બધા જ રાજકુમારોએ સોનાના પાત્રોમાં ભોજન લીધું. પરંતુ અશોકે માટીના પાત્રોમાં ભોજન લીધું.

મહાત્મા આ બધું જોતા હતા.

ત્યાર બાદ વારાફરતી દરેક રાજકુમારને તેમણે કેટલાક પ્રશ્નો પૂછ્યા. જ્યારે તેમણે અશોકને પોતાની પાસે બોલાવ્યો, ત્યારે અશોકની શાંત અને પ્રસન્ન મુદ્રા જોઈ તેમને ખૂબ જ આનંદ થયો.

'વત્સ! કંઈ ભણ્યો છે ખરો?' તેમણે અશોકને પૂછ્યું.

અશોકે પ્રથમ તો વાંકા વળીને મહાત્માના ચરણને સ્પર્શ કર્યો અને પછી કહ્યું: 'આમ તો હું ઘણું ઘણું ભણ્યો છું; પરંતુ સૌથી સારી વાત હું એ શીખ્યો છું કે વડીલો અને મોટાંઓની આજ્ઞાને ભગવાનની આજ્ઞા માની

તેનું પ્રેમપૂર્વક પાલન કરવું! આ સિવાય બીજી જે વાત હું શીખ્યો છું તે એ કે દીન દુઃખિયાના કષ્ટો, દુઃખો બની શકે તો દૂર કરવાં અથવા તેમને મદદ કરવી. તેમને મદદ કરવામાં ઘણો જ આનંદ મળે છે મહારાજ.' આ સાંભળી મહાત્માએ અશોકના મસ્તક પર પ્રેમથી હાથ ફેરવી આશીર્વાદ આપ્યા.

મહારાજને પ્રણામ કરી અશોકે વિદાય લીધી. પરીક્ષા પૂરી થઈ.

બીજે દિવસે મહાત્માએ સમ્રાટ બિંદુસારને કહ્યું: 'સાદગીપ્રિય અને વિનમ્ર અશોક રાજા થવાને માટે બધી જ રીતે યોગ્ય છે. મારી પરીક્ષામાં કેવળ અશોક જ ઉત્તીર્ણ થયો છે.'

આ અશોક મોટો થતાં સમ્રાટ અશોકના નામે ઇતિહાસમાં અમર બની ગયો.